**(15) ગુજરાત રાજ્ય સેવા (તબીબી સારવાર) નિયમો, 1988 હેઠળ રાજ્યમાં ઉપલબ્ધ તબીબી સારવાર માટે પેશગી મંજૂર કરવા બાબત.**

ગુજરાત સરકાર, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,
ઠરાવ ક્રમાંક : એમએજી-1093-1825-અ,
સચિવાલય ગાંધીનગર, તા. 11-7-1994

**ઠરાવ :-** રાજ્યની સરકારી હોસ્પિટલોમાં હૃદયને લગતાં રોગ જેવા કે કોમ્પલીકેટેડ હાર્ટ સર્જરી, બાયાપાસ સર્જરી કોરોનરી બાયાપાસ, સર્જરી, તેમ જ કીડની ટ્રન્સપ્લાન્ટેશનની તથા કીડનીને લગતા અન્ય રોગો અને બ્લડ કેન્સર અને કેન્સરને અન્ય રોગોની સારવાર હવે ઉપલબ્ધ થયેલ છે. રાજ્ય બહાર સારવાર લેવાના કિસ્સાઓમાં તબીબી સારવારના નિયમોના નિયમ-૪(3) અનુસાર સંભવિત ખર્ચના 75% જેટલી રકમ પેશગી તરીકે અધિક નિયામકશ્રી (તબીબી) મંજૂર કરી શકે છે તે જ ધોરણે આવા રોગની સારવાર રાજ્યમાં સરકારી હોસ્પિટલોમાં લેવાના કિસ્સામાં સંભવિત ખર્ચાના 75% જેટલી રકમની બિન વ્યાજબી પેશગી સરકારી કર્મચારીઓને મંજૂર કરવાની બાબત સરકારશ્રીના વિચારણા હેઠળ હતી. આ બાબતમાં કાળજીપૂર્વકની વિચારણાના અંતે રાજ્યની સરકારી હોસ્પિટલોમાં લેવામાં આવતી ઉપર દર્શાવેલ છે. ગંભીર પ્રકારના રોગોની સારવાર જે અંગે રૂ. 40,000 કે તેનાથી વધુ ખર્ચ થવા સંભવ હોય તેવી સારવાર માટે નીચેની સંસ્થામાં લેવાનાર સારવારના કિસ્સામાં જે તે સંસ્થાઓ આપેલ સારવારના સંભવિત ખર્ચના પ્રમાણપત્રના આધારે સંભવિત ખર્ચના 75% રકમ બિન વ્યાજની પેશગી તરીક મજૂર કરવાનું આથી સરકારશ્રી ઠરાવે છે.

(1) ઈન્સ્ટિટ્યૂટ ઓફ કાર્ડીયોલોજી, સિવિલ હોસ્પિટલ અમદાવાદ.

(2) એમ. પી. શાહ કેન્સર હોસ્પિટલ સિવિલ હોસ્પિટલ, અમદાવાદ.

(3) ઈન્સ્ટિટ્યૂટ ઓફ કીડની ડીસીઝ, સિવિલ હોસ્પિટલ, અમદાવાદ ખાતે કીડની ટ્રાન્સપ્લાન્ટેશનનસ સારવારમાં કીડની ડોનરીસ સારવારના ખર્ચને પણ રીએમ્બર્સમેન્ટના હેતુ માટે માન્ય ગણવાનું પણ આથી સરકારશ્રી ઠરાવે છે.

3. આ હુકમોને આધીન રહીને પેશગી મંજૂર કરવાની સત્તા અધિક નિયામકની તા. 28-5-94 ની નોંધથી મેળ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ધી એચ. વોરા (નાયબ સચિવ)

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

• • • •